**SET-4**

**Series JMS/C**

**Code No. 9**

Candidates must write the Code on the title page of the answer-book.

Roll No. | | | | | | | |

- આ પ્રશ્નપત્રમાં **8** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **5** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે નું 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયના ઉત્તર પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.
- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **5** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 80*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 80*

## SECTION A
### [ Advanced Reading Skill ]

**1.** (અ) નીચેનો ગદ્યખંડ વાંચી. તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5*

ભારતનો માર્ગ હવે મોકળો બન્યો છે. કોઈ હરીફાઈમાં તેણે ઊતરવાનું નથી. મૂડીબજારમાં રૂપિયો મજબૂત બની રહ્યો છે. અર્થતંત્ર ખાસ્સું મજબૂત બન્યું છે. ટેકનોલોજીનું પીઠબળ છે ને સંજોગો આપણી તરફેણમાં છે. નસીબ પણ સાથ આપી રહ્યું છે. બધું જ આપણી પાસે છે, તો પછી ખૂટે છે શું ? આત્મવિશ્વાસ. Yes, I can do it ની ભાવના ! આપણે પોતે આપણામાં રહેલી ક્ષમતાને ઓળખી શકતા નથી, કોઈ પરદેશી રાષ્ટ્ર આપણને ઢંઢોળે ત્યારે આપણી ઊંઘ ઊડે છે. બસો વર્ષ સુધી આપણે અંગ્રેજોની ગુલામી કરી અને તે દરમિયાન ગોરા લાટસાહેબોના ઘૂંટણિયે પડતા રહ્યા. આજે પ્રતિકૂળ સંજોગોને બદલવાની વૃત્તિ ખીલતી નથી. આ જોશ જયારે ભારતીયોમાં ખીલશે ત્યારે ભારત તેના લક્ષ્યાંક સુધી પહોંચી શકશે – અને તે લક્ષ્યાંક એટલે જગતના સુપરપાવર દેશ તરીકેની ઓળખાણ ! 21મી સદીનો ભાગ્યોદય ભારતના આંગણે થઈ રહ્યો છે. Let's wake up !

પ્રશ્નો :

(1) ભારત દેશનો માર્ગ કઈ કઈ બાબતોમાં મોકળો બન્યો છે ?

(2) આપણામાં શું ખૂટે છે ?

(3) સૌ ભારતીયોમાં જોશ ખીલે તો તેનું કેવું પરિણામ આવે ?

(4) આપણા સૌની ઊંઘ કયારે ઊડે છે ?

(5) ઉપરોકત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(બ) નીચેનો ગદ્યખંડ વાંચી. તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5*

જીવન વ્યવહાર ચલાવવા માટે તો શારીરિક મહેનત કરવી પડે છે, શ્રમ પડે તેવાં ઉત્પાદક કામો કરવાં પડે છે. આપણને મહેનત પ્રત્યે તો એક પ્રકારનો કંટાળો આવ્યો છે. આપણે મહેનતમાં કામને 'કુલી' નું કામ, મજૂરનું કામ, હલકું કામ એમ કહીને ઊતારી પાડ્યું છે; પણ એ અભણ શ્રમજીવી જ ખાવા માટે અનાજ, પહેરવા માટે કાપડ અને રહેવા માટે મકાન બનાવી આપે છે. એના વિના જીવન એક ડગલું પણ ચાલી શકવાનું નથી. એટલા માટે

રવિશંકર મહારાજે કામ વિનાની બુધ્ધિને એકડા વિનાનાં મીંડાં જેવી જણાવી છે. મીંડાં ગમે તેટલા વધે પણ રકમની કિંમત ન વધે, પણ એક એકડો હોય તો પછી મીંડાં ચડતાં જાય એમ એની કિંમત પણ વધતી જાય. એમ નરી બુધ્ધિની કશી કિંમત નથી, પણ કામની અંદર બુધ્ધિ ભળે તો એ કામની કિંમત અનેકગણી વધી જાય છે.

પ્રશ્નો :

(1) શારીરિક મહેનત શા માટે કરવી પડે છે ?

(2) આપણે મહેનતના કામને શું કહીને ઊતારી પાડ્યું છે ?

(3) કામની કિંમત ક્યારે વધી જાય છે ? શા માટે ?

(4) શેના વિના આપણુ જીવન એક ડગલું પણ ચાલી શકવાનું નથી ?

(5) ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(ક) નીચેનું કાવ્ય વાંચી. તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5*

શિખરું ઊંચા ને મારગ આકરાં,
    નહિ કોઈ સાથ કે સંગાથ,
    નહિ ત્યાં કેડી કે નહિ વાટ,
ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં,
શિખરું ઊંચા ને મારગ આકરાં,
લિયે એ મારગ નર કોઈ બંકડા,
    છોડી આળ ને પંપાળ,
    રાખી રામૈયો રખવાળ,
કાચી રે છાતીનાં બેસે તાકતાં,
શિખરું ઊંચા ને મારગ આકરાં,
    જેને આતમનો સંગાથ,
    એનો ઝાલે હરિવર હાથ
પંડને ખૂવે તે પ્રીતમ પામતાં,
શિખરું ઊંચા ને મારગ આકરાં.

પ્રશ્નો :

(1) કવિના મતે ઊંચા શિખરો પર ચડવાનું શા માટે મુશ્કેલ છે ?

(2) ઊંચા શિખરોનો માર્ગ કેવા લોકો લઈ શકે ?

(3) ઊંચા શિખરોનો માર્ગ કેવા લોકો ના લઈ શકે ?

(4) શ્રીહરિ કોનો હાથ ઝાલે છે ?

(5) પ્રીતમને પામવાનો અધિકાર કોને મળે ?

## SECTION B

### [ Effective Writing Skill ]

**2.** (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ ***એક*** પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. *8*

(1) શિયાળાની કડકડતી સવાર

(2) સ્વચ્છતા ત્યાં પ્રભુતા

(3) મારી પ્રિય રમત

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક આપો. *6*

શહેરમાં રહેતું એક કુટુંબ – પતિ, પત્ની, પુત્ર અને વૃધ્ધ પિતા રહે – બધા કાચનાં વાસણમાં જમે – વૃધ્ધ પિતાને લાકડાંનાં વાસણમાં આપે – અપમાનજનક વર્તન – વૃધ્ધને અતિ દુઃખ – નાનકડા પુત્રદ્વારા લાકડાનો વાડકો બનાવવો – પિતાનું પૂછવું – બાળકનો ઉત્તર : 'તમે દાદા જેવડા થશો ત્યારે તમારે જોઈશે ને !' – પિતાને સત્યનું ભાન થવું – પશ્ચાતાપ — બોધ.

(ક) કેરળમાં થયેલ પૂરહોનાશ્ત વખતે તમે ત્યાં ફસાયા હતા. તેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. *6*

**અથવા**

તમારા વિસ્તારમાં મચ્છરનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે. તેનું નિરાકરણ લાવવા તમારા શહેરના મેયરને પત્ર લખો.

(ડ) "ભ્રષ્ટાચાર : સમાજનું કલંક" વિષય પર આશરે 100 શબ્દોમાં આર્ટિકલ લખો. *5*

**અથવા**

"સ્ત્રી-પુરુષ એક સમાન" વિશે જાહેરાત બનાવો.

## SECTION C

### [ Applied Grammar ]

3. (અ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી, વાક્યમાં પ્રયોગ કરો. *3*

(1) પાઠ ભણાવવો

(2) પગ ભારે થઈ જવો

(3) ધમણ ઊપડવી

(બ) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો. *2*

(1) યોગીન્દ્ર

(2) બાલ્યાવસ્થા

(ક) (1) કૌંસમાં આપેલ સૂચના મુજબ રૂપાંતર કરો. *2*

(i) મારે માનીય ચિંતા ને બાપનીય ચિંતા. [નિષેધવાક્ય બનાવો]

(ii) અમને તમારા જેવું તરતાં આવડતું નથી. [વિધિવાક્ય બનાવો]

(2) કૌંસમાં આપેલ સૂચના મુજબ રૂપાંતર કરો. *2*

(i) પાંડવો ભરતગોત્રના જ છે. [પ્રશ્નવાક્ય બનાવો]

(ii) બપોરે એ વધુ રમણીય હોય છે. [ઉદ્દગારવાક્ય બનાવો]

(ડ) લખનરૂઢિ પ્રમાણે વાક્ય સુધારી ફરી લખો. *2*

(1) રડતો રડતો બલાઈ કાકીની ખોળો છોડી ચાલ્યો ગઈ.

(2) ઘણાં વર્ષો પહેલાંનો એક વાત છે.

(ઇ) નીચેની કહેવતોનો અર્થ લખો. *2*

(1) અપના હાથ જગન્નાથ

(2) અણીનો ચૂક્યો સો વરસ જીવે

(ઈ) કૌંસમાં આપેલ સૂચના મુજબ રૂપાંતર કરો. *2*

(1) કનૈયાએ મિત્રોને માખણ ખવડાવ્યું. [અનુગ શોધીને લખો.]

(2) મા દાતરડાની કમાઈ દ્વારા બાળકને ઉછેરે છે. [નામયોગી શોધીને લખો.]

## SECTION D

**[ Literature – Text Book ]**

**4.** (અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *3*

મારા ભાભીનું અવસાન થયું ત્યારે આ છોકરો ધાવણો હતો. ધારું છું કે એ સોક ભૂલવા મોટાભાઈ એન્જિનિયરિંગના અભ્યાસ અર્થે વિલાયત ગયા. છોકરો અમારા નિઃસંતાન ઘરમાં કાકીના ખોળામાં ઊછરીને મોટો થયો. દસેક વર્ષ પછી મોટાભાઈ પાછા આવ્યા. બલાઈને વિલાયતી ઢબે શિક્ષણ આપવાં પહેલાં તો તેને સિમલા લઈ ગયા, તે પછી વિલાયત લઈ જવાની વાત હતી.

પ્રશ્નો :

(1) મોટાભાઈ શા માટે વિલાયત ગયા ?

(2) મોટાભાઈ બલાઈને શા માટે સિમલા લઈ ગયા ?

(3) બલાઈના પિતા કેટલા વર્ષ પછી વિલાયતથી પાછા આવ્યા ?

(બ) નીચેનામાંથી કોઈપણ *બે* વિધાનો માટે કારણો આપો. *4*

(1) રમઝુની શરણાઈનો સૂર આપોઆપ બદલાઈ ગયો, કારણ કે...

(2) 'સૂર્યને જોવા માટે લેખક મહાબળેશ્વર કરતાં આબુ જવું' એમ કહે છે, કારણ કે...

(3) મરણપથારીએ પડેલા કાનજીનો જીવ નીકળતો ન હતો, કારણ કે...

(ક) નીચેનામાંથી કોઈપણ *બે* પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો. *4*

(1) ડૉ. કુરિયને ભારતને વિશ્વભરમાં કયા માધ્યમથી ગૌરવવંતુ સ્થાન અપાવ્યું ? કેવી રીતે ?

(2) અરીસામાં પોતાનું મોં જોયા પછી દીપક કઈ કલ્પના કરે છે ?

(3) 'આ રોટલાનું વૈતરું શું કામ ?' આ પ્રશ્નનો શો પ્રત્યુત્તર મળે છે ?

(ડ) નીચેનામાંથી કોઈપણ ***એક*** પ્રશ્નનો વિસ્તૃત જવાબ લખો. 4

(1) ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે ?

(2) ભૂલ કરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી ?

(3) વિધવા બા પારવતીએ કાન્તિ અને તેના મોટાભાઈને કેવી કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં ઉછેર્યા હતા ?

**5.** (અ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 2

કાન, તારી મોરલીએ જી રે, મારાં મન હેર્યા,
સમી સાંજની જી રે, વજોગણ ક્યાં રે વાગી !
ગૂઢા રાગની જી રે, મોરલી ક્યાં રે વાગી !
મધરાતની જી રે, અભાગણી ક્યાં રે વાગી !
સરવા સાદની જી રે, મોરલી ક્યાં રે વાગી !

પ્રશ્નો :

(1) મધરાતે વાગેલી મોરલીને નાયિકા કેવી ગણાવે છે ?

(2) કાનાની મોરલી કયા રાગમાં વાગેલી નાયિકાને લાગે છે ?

(બ) નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 2

પીળા પીળાંબર જરકસી જામા,
પીળો તે પટકો બિરાજે છે.
કાને તે કુંડળ મસ્તકે મુગટ,
મુખ પર મોરલી બિરાજે છે.

પ્રશ્નો :

(1) શ્રીકૃષ્ણો કાનમાં અને મસ્તકે શું ધારણ કર્યુ રહે ?

(2) ‘મુખ’ અને ‘મસ્તક’ શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

(ક) નીચેનામાંથી કોઈ ***એક*** પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો. *2*

(1) ‘તે બેસે અહીં’ કાવ્યમાં કવિ દાનનો મહિમા કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?

(2) બીજા મુક્તકમાં મુક્ત થયેલું પંખી પિંજરામાં પાછું કેમ ભરાઈ જાય છે ?

(ક) નીચેનામાંથી કોઈપણ ***ચાર*** પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. *4*

(1) ‘જીવન અંજલિ થાજો’ કાવ્યના કવિ કોનાં આંસુ લૂછવાની વાત કરે છે ?

(2) ‘જીવમાં જીવ આવ્યો’ કાવ્ય કયા છંદમાં લખાયેલું છે ?

(3) ‘હાથ મેળવીએ’ કાવ્યના કવિનું નામ શું છે ?

(4) ‘દીવાનખાનામાં’ કાવ્યમાં સુશોભનથી કોણ પ્રસન્ન થાય છે ?

(5) ‘ક્યાં રે વાગી’ કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.